પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૭) અંક નં. ૨૮૨ | ૨૪ ડિસેમ્બર, ૨૦૨૨, શનિવાર; પોષ સુદ - ૧ | પાનાં - ૮ કિંમત રૂ. ૩.૦૦

# સિક્કીમમાં સેનાની ટ્રક ખીણમાં ખાબકતાં ૧૬ જવાનો શહીદ

## સિક્કીમમાં ગેમા જવાના રસ્તે વળાંક પર વાહનના ચાલકે કાબુ ગુમાવ્યો અને વાહન ખીણમાં ખાબકતાં અકસ્માત સર્જાયો

ગંગટોક, તા.૨૩

ઉત્તર સિક્કીમથી એક મોટી દુર્ઘટના સામે આવી છે, જેમાં ૧૬ જવાનો શહિદ થયા હોવાના અહેવાલો સામે આવ્યા છે. સિક્કીમના ઝેમામાં સેનાની બસ જઈ રહી હતી, ત્યારે અચાનક ટ્રક ઉંડી ખીણમાં ખાબકી હતી, જેમાં ૧૬ જવાનો શહિદ થયા હોવાના અહેવાલો સાંપડ્યા છે. તો ચાર જવાનો ઈજાગ્રસ્ત થયા છે. દરમિયાન આ ઘટનાને પગલે બચાવ કાર્ય પુરજોશમાં ચાલી રહ્યું છે. સિક્કિમમાં એક મોટો માર્ગ અકસ્માત થયો છે. અહીં શુક્રવારે એક બસ ઊંડી ખીણમાં પડી જતાં ૧૬ સેનાના જવાનો શહિદ થયા છે. ઘટના સ્થળે ભીડ એકઠી થઈ ગઈ છે. ઘટનાસ્થળે રાહત અને બચાવ કાર્ય પુરજોશમાં શરૂ કરી દેવાયું છે. આ અકસ્માત ઉત્તર સિક્કિમના લાચેનથી ૧૫ કિમી દૂર ગેમા વિસ્તારમાં



સર્જાયો હતો.

મળતી માહિતી મુજબ, સવારે સેનાના ત્રણ વાહનો સૈનિકોને લઈ જઈ રહ્યા હતા. આ કાફલો ચટનથી થંગુ તરફ જઈ રહ્યા હતા. ગેમા જવાના રસ્તે વળાંક પર એક વાહનના ચાલકે અચાનક વાહન પર કાબુ ગુમાવી દીધો હતો અને વાહન નીચે ખીણમાં ખાબક્યું હતું. માહિતી મળતા જ સ્થાનિક પોલીસ અધિકારીઓ પહોંચી ગઈ હતી અને બચાવ કામગીરી પુરજોશમાં શરૂ કરી છે. કહેવાય છે કે ૪ ઘાયલ જવાનોને હેલિકોપ્ટર દ્વારા બહાર કાઢવામાં આવ્યા છે. જ્યારે ૩ જુનિયર કમિશન્ડ ઓફિસર અને ૧૩ સૈનિકો અકસ્માતમાં શહિદ થયા છે.

ભારતીય સેનાએ આ દુર્ઘટના પર નિવેદન જાહેર કરીને જણાવ્યું કે, તે આ દુઃખની ઘડીમાં શોકગ્રસ્ત પરિવારોની સાથે છે. પરિવારને દરેક શક્ય મદદ કરાશે. રક્ષા મંત્રી રાજનાથ સિંહે પણ ટ્વિટ કરીને શોક વ્યક્ત કર્યો છે.

તેમણે જણાવ્યું કે, હું ઉત્તર સિક્કિમમાં એક માર્ગ અકસ્માતમાં ભારતીય સેનાના જવાનો શહિદ થતા તેઓ ખૂબ જ દુઃખી છું. તેમની સેવા અને પ્રતિબદ્ધતા માટે રાષ્ટ્ર તેમનો હૃદયપૂર્વક આભાર માને છે. શોકગ્રસ્ત પરિવારો પ્રત્યે મારી સંવેદના. જે લોકો ઈજાગ્રસ્ત થયા છે તેઓ ઝડપથી સાજા થાય તેવી પ્રાર્થના.

## દેશમાં કોરોનાના સંક્રમણમાં દર સપ્તાહે ઘટાડો થઈ રહ્યો છે

### દેશના આઠ રાજ્યો અને ચાર કેન્દ્રીયશાસિત પ્રદેશોમાં હાલ કોરોના વાયરસના એક પણ સક્રિય કેસ નથી

નવી દિલ્હી, તા.૨૩

દુનિયાભરમાં કોરોનાના કેસોમાં સતત વધારો જોવા મળી રહ્યો છે. ત્યારે કેન્દ્ર સરકારે શુક્રવારે કહ્યું હતું કે, કોરોનાના સંક્રમણમાં દર અઠવાડિયે ઘટાડો થઈ રહ્યો છે. શુક્રવારે સ્વાસ્થ્ય મંત્રાલયે એક નિવેદનમાં કહ્યું હતું કે, કોરોનાના કેસમાં સતત ઘટાડો થઈ રહ્યો છે અને ૨૨ ડિસેમ્બરે સાપ્તાહિક ચેપ દર ૦.૧૪ ટકા નોંધાયો હતો.

વધુમાં સ્વાસ્થ્ય મંત્રાલયે કહ્યું હતું કે, આઠ રાજ્યો અને ચાર કેન્દ્રીયશાસિત પ્રદેશોમાં હાલ કોરોનાના એક પણ સક્રિય કેસ નથી. તો બીજી બાજુ દેશના ૭૮ ટકા કેસ માત્ર પાંચ રાજ્યોમાં છે. તેમાં પણ ઘટાડો થઈ રહ્યો છે. મંત્રાલય તરફથી કહેવામાં આવ્યું છે કે, ૭ થી ૧૩ ઓક્ટોબર સુધીમાં, સરેરાશ દૈનિક કેસ ૨૪૦૮ હતા. જે ૧.૦૫ ટકા હતા. ૧૬ થી ૨૨ ડિસેમ્બરની વચ્ચે તે ઘટીને ૧૫૩ એટલે કે, ૦.૧૪ ટકા થયો હતો. સ્વાસ્થ્ય મંત્રાલયના રિપોર્ટમાં જણાવવામાં આવ્યું છે કે, ૨૧ ડિસેમ્બર સુધી વૈશ્વિક કોરોના કેસોમાં ભારતનું યોગદાન માત્ર ૦.૦૩ ટકા હતું. આ અઠવાડિયે દેશમાં માત્ર ૧૫૩ કેસ નોંધાયા છે. જ્યારે, જાપાનમાં ૧,૫૪,૫૨૧ કેસ નોંધાયા છે.

## તમામ એરપોર્ટ પર વિદેશી મુસાફરોનું કોવિડ ટેસ્ટીંગ શરૂ

### વિશ્વભરમાં કોરોનાના કહેરથી ભારત સરકાર સતર્ક : ચીન અને અન્ય દેશોમાંથી આવતા મુસાફરોના રસી લીધી હોવાના પૂરાવા સંબંધિત એર સુવિધા ફોર્મ ફરીથી ફરજિયાત કરવા અંગે વિચારણા

નવી દિલ્હી, તા.૨૩

દેશના તમામ એરપોર્ટ પર વિદેશથી આવતાં મુસાફરો માટે ફરીથી કોવિડ ટેસ્ટિંગ શરૂ થઈ ગયું છે. ચીનથી કોરોના વાયરસના એક નવા વેરિયન્ટ બીએફ.૭ના ફેલાવાના(કોવિડ વેરિયન્ટ ઓમિક્રોન બીએફ.૭) જોખમને ટાળવા માટે સરકારે કડક પગલાની જાહેરાત કરી છે. આ પહેલા વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગુરુવારે સાંજે ઉચ્ચસ્તરીય સમીક્ષા બેઠક યોજી હતી. તેમણે બેઠકમાં જણાવ્યું હતું કે કોવિડ હજી ગયો, તેથી ખાસ કરીને આંતરરાષ્ટ્રીય એરપોર્ટ પર દેખરેખનો ચુસ્ત બંદોબસ્ત ગોઠવવો જોઈએ. ત્યારબાદ નાગરિક ઉડ્ડયન મંત્રાલયે ગુરુવારે સાંજે જ તમામ એરપોર્ટને આંતરરાષ્ટ્રીય મુસાફરોનો ટેસ્ટ કરવા માટે આદેશ આપ્યો હતો.

કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રી મનસુખ માંડવિયાએ ગુરુવારે કહ્યું હતું કે, ચીન અને અન્ય દેશોમાંથી આવતા મુસાફરો માટે મુસાફરીના ૧૨ કલાક પહેલા કરાવવામાં આવેલા આરટી-પીસીઆર ટેસ્ટની વિગતો આપવા અથવા રસી લીધી હોવાના પૂરાવા સંબંધિત 'એર સુવિધા' ફોર્મ ફરીથી ફરજિયાત કરવા અંગે વિચારણા કરવામાં આવી રહી છે. ચીન અને અન્ય કેટલાક દેશોમાં કોરોના વાયરસના સંક્રમણના કેસોમાં અચાનક થયેલા વધારાને ધ્યાનમાં રાખીને દેશમાં કોવિડની સ્થિતિની સમીક્ષા કરવા બુધવારે મનસુખ માંડવિયાની અધ્યક્ષતામાં એક બેઠક યોજાઈ હતી.

બુધવારે યોજાયેલી બેઠકમાં નિષ્ણાતો અને વરિષ્ઠ અધિકારીઓએ સતત દેખરેખ

● અનુસંધાન પાન-૭ પર

અમૂલ દૂધ પીતા હૈ ઈંડિયા

15g પ્રોટીન

₹26*/ 500 mL

અમૂલ ગાયનું દૂધ




*એમઆરપી (બધાં કરવેરા સહિત), ટ્રાન્સપોર્ટેશન અને કૂલિંગ ચાર્જિસ સામેલ છે. શરતો લાગુ. પૂછપરછ/ઉપલબ્ધતા માટે કૃપા કરી સંપર્ક કરોઃ અમદાવાદ અને સૌરાષ્ટ્રઃ 079-23969055/56/57.

Amul The Taste of India

પ્રેમાળ સ્મરણ



સ્વ. રેખાબેન મુકેશભાઈ પટેલ

સ્વર્ગવાસ તા. ૨૪/૧૨/૨૦૧૯

હજુ મન માનતું નથી કે,
તમે અમારી વચ્ચે નથી...
રોજે રોજ - આસપાસ - ચોપાસ,
તમારી ઉપસ્થિતિ અનુભવીએ છીએ...
તમારા કર્તવ્ય પથ પર,
અમે સૌ તમારા સ્વપ્ના પૂર્ણ કરવાની
શક્તિ તમારી સ્મૃતિમાંથી મેળવીએ છીએ...

આજે, તૃતીય પુણ્યતિથિએ,
આપના પ્રેમાળ સ્મરણમાં ભીંજાઈએ છીએ...
પ્રાર્થીએ છીએ આપ શાંતિ પામો...

મુકેશકુમાર દેવીદાસ પટેલ
(નિવૃત્ત, નાયબ કાર્યપાલક ઈજનેર, ગાંધીનગર)

સ્વ. દેવીદાસ ભુરાભાઈ પટેલ
ધ્રુવકુમાર દેવીદાસ પટેલ
નિસર્ગ મુકેશકુમાર પટેલ
જય મુકેશકુમાર પટેલ
પરમ જય પટેલ

સ્વ. નિરંજનાબેન દેવીદાસ પટેલ
અરૂણાબેન ધ્રુવકુમાર પટેલ
દેવામી નિસર્ગ પટેલ
કૃતિ જય પટેલ
દિશિતા નિસર્ગ પટેલ

FIRM
NIJ INFRA PROJECT
(Govt. Approved Contractor)
Wholesale Dealer of Godrej & Boyce Mfg. Co. Ltd.
SASHWAT PHOTOGRAPHY
ANANYA VASTRAM